જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૧/૨૦૧૮ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૬૪ લીટર દેશી દારૂ, ૧૭૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૮ બિયર ટીન અને ૧ સ્કોટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૧૬૦/૧૮**

**ખાડીયાઃ** જિતેંદર રમેશભાઇ હીરધાની (રહે.દર્શન ફ્લેટ સામે ન્યુ પુષ્કર સોસાયટી હાસોલ) એ તા.૦૩/૧૧/૧૮ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર ૨૦૧૬ થી માહે જુલાઈ ૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન પાંચ કુવા ઘાસીરામની પોળ ગલી નંબર ૨૧૨ ખાતે જિતેંદર હીરધાનીની દુકાન ખાતેથી આરોપી કમલેશ મોહનદાસ સીવનાણી (રહે.હરિકૃષ્ણ એપાર્ટમેન્ટ ગંગોત્રી વિદ્યાલય પાસે કૃષ્ણનગર) ડ્રેસના કાપડનો માલ કિમત રૂપિયા ૨૨,૪૮,૪૫૩/- લઈ જઈ નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી કે.એસ.ચૌધરી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૬૧/૧૮**

**નવરંગપુરાઃ** દિલસુખભાઇ મથુરાદાસ ગૌદાણ (રહે. દેવાશ એપાર્ટમેન્ટ હોટલ રજવાડુ પાસે વાસણા વેજલપુર) એ તા.૦૩/૧૧/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૧૮ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા સી.જી.રોડ સમુદ્ર કોમ્પ્લેક્ષનાં પાર્કીંગમાં દિલસુખભાઈ પોતાનુ સ્કૂટર પાર્ક કરતા હતા ત્યારે એક અજાણ્યા પુરૂષે દિલસુખભાઈ પાસે આવી કહેલ કે તમને કોઇ ભાઇ બોલાવે છે, તેમ કહેતા દિલસુખભાઈ સ્કૂટર પાર્ક કરી સ્કૂટરથી થોડા દુર જતા અજાણ્યા પુરૂષના સાગરીતે દિલસુખભાઈની નજર ચુકવી પાર્ક કરેલ સ્કૂટરની ડેકીમાંથી રોકડ રૂપિયા ૧,૧૧,૧૦૦/- પાકીટ સાથે ચોરી કરી બંને પુરૂષો પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**એલીસબ્રીજ**: મહેશભાઇ પરષોતમભાઇ પ્રજાપતી (રહે,ગાર્ડન વ્યુ બંગ્લોઝ ઉમીયા કોલેજ પાછળ સોલા) એ તા.૦૩/૧૧/૧૮ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૦/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે માણેકબાગ બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ નજીક મહેશભાઈ પ્રજાપતિના ગળામાંથી સોનાની ચોઈન પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અજાણ્યા પુરૂષે ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬૨/૧૮</u>**

**શાહીબાગઃ** સારથી અરવિંદભાઇ ચુડાસમા (ઉ.વ.૩૫) (રહે.સંતોષનગર નોબલનગર ફ્લેટ કુબેરનગર) તા.૦૩/૧૧/૧૮ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે કેમ્પ સદર બજાર રોડ સિમરન હોટલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટિવા ઉપર બે પુરૂષો સારથી ચુડાસમાના ગળામાથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સારથી ચુડાસમાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.મકવાણા ચલાવે છે.

**<u>મારબલની પાટ નીચે દબાઈ જતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬૩/૧૮</u>**

**ઇસનપુરઃ** જયેશભાઈ વિનોદભાઇ નાયકા (ઉ.વ.૩૮) (રહે.કોહલી તલાવડી ટાવર હાઉસની બાજુમા શ્રીરામ રેસીડેન્સી સામે નારોલ) તા.૦૩/૧૧/૧૮ બપોરના ૪/૪૦ વાગ્યાના સુમારે રાજસ્થાન સોસાયટી મુન્નાભાઈના શેડ ઉપર પાર્ક કરેલ ટાટા સુમો ટોલ ગાડીની અંદર ઉભા રહી મારબલ પથ્થરની પાટો ગોઠવતા હતા ત્યારે મારબલ પથ્થરની પાટો તેમની ઉપર પડતા દબાઈ જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃતુ નિપજયું હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ ચાવડા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬૪/૧૮</u>**

**કૃષ્ણનગરઃ** મિનેષભાઇ જગદીશભાઇ રાજપુત (ઉ.વ.૩૩) (રહે.સતાધારનગર સોસાયટી લીલાનગરની બાજુમા નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૦૩/૧૧/૧૮ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે દોરડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ લુંજાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.